પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૫૯ | ૧ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# બીજા દિવસે સંસદના બંને ગૃહમાં હંગામો

**૧૨ સાંસદને સસ્પેન્ડ કરવાનો મુદ્દો ગુંજ્યો : પોતાના આચરણ બદલ સાંસદો માફી નહી માગે ત્યાં સુધી તેમનું સસ્પેન્શન પાછું ખેંચવામાં નહીં આવેઃ વૈંકેયા**

નવી દિલ્હી, તા.૩૦

સંસદના શિયાળુ સત્રના બીજા દિવસે પણ સંસદના બંને ગૃહમાં હંગામો ચાલુ રહ્યો છે.લોકસભામાં નવા સાંસદોએ ભારે બૂમાબૂમ વચ્ચે શપથ લીધા હતા. રાજ્યસભામાં કોંગ્રેસે ૧૨ સાંસદોના સસ્પેન્શનનનો મુદ્દો ઉઠાવ્યો હતો.કોંગ્રેસના નેતા મલિકાર્જુન ખડગેએ કહ્યુ હતુ કે, આ ઘટના તો સંસદના ગયા સત્રમાં બની હતી અને આ સત્રમાં સાંસદોને સસ્પેન્ડ કેવી રીતે કરી શકાય...સસ્પેન્શન પાછુ ખેંચાવુ જોઈએ.તેના પર રાજ્યસભા અધ્યક્ષ એમ વૈકેયા નાયડુએ કહ્યુ હતુ કે, સસ્પેન્શનનો નિર્ણય ગૃહનો છે.મારો નહીં.૧૦ ઓગસ્ટે અમે હંગામો કરી રહેલા સાંસદોને તેમની સીટ પર જવા માટે કહ્યુ હતુ. દરમિયાન વૈંકેયા નાયડુએ એમ પણ કહ્યુ હતુ કે, જ્યાં સુધી પોતાના આચરણ બદલ સાંસદો માફી નહી માંગે ત્યાં સુધી તેમનુ સસ્પેન્શન પાછુ ખેંચવામાં નહીં આવે.નાયડુએ આજે સસ્પેન્શન પર હંગામો કરી રહેલા સાંસદોને પણ તેમના પર કાર્યવાહી કરવાની વોર્નિંગ આપી હતી. દરમિયાન લોકસભામાં પણ હંગામા બાદ બે વાગ્યા સુધી લોકસભાને પણ સ્થગિત કરી દેવામાં આવી છે.

## આંતરરાષ્ટ્રીય મુસાફરોના કોન્ટેક્ટ ટ્રેસિંગ કરવા રાજ્યોને સુચના

**ગૃહ મંત્રાલયે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ માટેની એડવાઈઝરી બહાર પાડી, તમામ દિશા નિર્દેશ ૩૧ ડિસેમ્બર સુધી અમલમાં રહેશે**

નવી દિલ્હી, તા.૩૦

કોરોના વાયરસના નવા વેરિએન્ટ ઓમિક્રોન પર કેન્દ્રીય ગૃહ મંત્રાલય ખુબ ગંભીર છે. ઓમિક્રોન ના જોખમને જોતા ગૃહ મંત્રાલયે રાજ્યોને એડવાઈઝરી મોકલી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે પોતાના આદેશમાં એમ પણ કહ્યું છે કે તમામ રાજ્યો સુનિશ્ચિત કરે કે જે આંતરરાષ્ટ્રીય મુસાફરો છે તેમના કોન્ટેક્ટ ટ્રેસિંગ ચુસ્ત રીતે થાય. આ અગાઉ ૨૫ નવેમ્બરના રોજ સ્વાસ્થ્ય મંત્રાલયે ગાઈડલાઈન્સ જારી કરી હતી. સ્વાસ્થ્ય મંત્રાલયના નિર્દેશ પર જ ગૃહ મંત્રાલયે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશને એડવાઈઝરી બહાર પાડી છે. ગૃહ મંત્રાલયના દિશા નિર્દેશ ૩૧ ડિસેમ્બર સુધી પ્રભાવી રહેશે. ગૃહ મંત્રાલયની એડવાઈઝરીમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે કોવિડની રોકથામ માટે ગાઈડલાઈન્સનું કડકાઈથી પાલન કરવામાં આવે. કર્ણાટકના બેંગ્લુરુમાં બે લોકો હાલમાં જ દક્ષિણ આફ્રિકાથી પાછા ફર્યા છે. બંનેના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જેમાંથી એકના સેમ્પલમાં ડેલ્ટા વેરિએન્ટની પુષ્ટિ થઈ છે. જ્યારે બીજા સેમ્પલમાં ડેલ્ટાથી અલગ વેરિએન્ટ છે. જે ઓમિક્રોન હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ મામલો સામે આવ્યા બાદ કર્ણાટક સરકાર સતત કેન્દ્ર સરકાર અને આઈસીએમઆર ના સંપર્કમાં છે. આઈસીએમઆર ની પુષ્ટિની રાહ જોવાઈ રહી છે. કોરોનાના આ નવા વેરિએન્ટની

સૌ પ્રથમ ઓળખ દક્ષિણ આફ્રિકામાં થઈ હતી. ત્યારથી લઈને અત્યાર સુધીમાં ૧૭ દેશોમાં તે મળી આવ્યો છે. અનેક દેશોએ દક્ષિણ આફ્રિકાની ઉડાણો પર પ્રતિબંધ લગાવ્યા છે. આ બધા વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે ભારતમાં કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોનનો એક પણ કેસ મળ્યો નથી. આપણે સતર્કતા વર્તવાની જરૂર છે.

## ખેડૂતો ઘરે પાછા નથી જવાના : રાકેશ ટિકૈત

**કૃષિ કાયદા પાછા ખેંચાવા છતાં આંદોલન જારી : આંદોલનમાં ફાટફૂટ પડાવવાની કોશિશ કરી રહી છે સરકાર : ટિકૈત**

નવી દિલ્હી, તા.૩૦

ત્રણ કૃષિ કાયદા પાછા ખેંચવામાં આવ્યા બાદ પણ ખેડૂતોનુ આંદોલન ચાલુ છે. એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે કહ્યુ હતુ કે, આંદોલનમાં કોઈ મતભેદો નથી.આ ખોટા અહેવાલો છે.આ આંદોલન માત્ર પંજાબનુ નહીં પણ આખા દેશનુ છે.આંદોલન સ્થળે જો કોઈ અઘટિત બનાવ બનશે તો તે માટે સરકાર જવાબદાર હશે.ખેડૂતો પોલીસ કેસ સાથે ઘરે પાછા નહીં ફરે. દરમિયાન એવા અહેવાલ રહ્યા છે કે પંજાબના ખેડૂતો હવે ઘરે પાછા ફરવા માંગે છે.તેના પર ટિકૈતે કહ્યુ હતુ કે, કોઈ ઘરે જઈ રહ્યુ નથી.આંદોલન તોડવાનો પ્રયત્ન સરકાર કરી રહી છે.પાંચ ડિસેમ્બર સુધીમાં રિઝલ્ટ આવી જશે.કોઈ ખેડૂતોને સમજાવવાની જરુર નથી.કારણકે કોઈ ઘરે પાછુ ફરવાનુ નથી. તેમણે કહ્યુ હતુ કે, ખેડૂતો પર કેસ પાછા નહીં ખેંચાય ત્યાં સુધી મોરચા હટવાના નથી.સરકાર સમક્ષ અમે જે માંગો મુકી છે તેનો જવાબ આપવામાં સરકાર સમય લગાડશે.જોકે ૧૦ ડિસેમ્બર પછી સરકાર લાઈન પર આવી જશે.

## દેશમાં ૨૪ કલાકમાં ૬૯૯૦ નવા કેસ

નવી દિલ્હી, તા.૩૦

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૫૩માં દિવસે કોરનાના નવા કેસ ૨૦ હજારથી નીચે રહ્યા છે. જ્યારે સળંગ ૧૫૬માં દિવસે કોરોનાના નવા કેસ ૫૦ હજારથી નીચે નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯૯૦ નવા કેસ નોંધાયા છે અને ૧૯૦ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૧૦,૧૧૬ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫૪૪ દિવસના નીચલા સ્તર ૧,૦૦,૫૪૩ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૯ ટકા જેટલો છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે.

## દસ્તાવેજો નહિ પણ માત્ર ચહેરો બતાવવાથી મળી જશે પેન્શન

**કેન્દ્રિય રાજ્ય મંત્રી સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર પેન્શનરોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેમના માટે સરળ જીવન સુનિશ્ચિત કરે છે**

નવી દિલ્હી,તા.૩૦

પોતાના જ પૈસા મેળવવા માટે ઘણીવાર પેન્શનરોને કચેરીઓના ધક્કા ખાવા પડતા હોય છે. કેન્દ્ર સરકારે આ અંગે મહત્ત્વનો નિર્ણય લીધો છે જેને કારણે વડીલોને પારાવાર મુશ્કેલીઓમાંથી રાહત મળશે. હવે દસ્તાવેજો નહિ પણ માત્ર ચહેરો બતાવવાથી મળી જશે પેન્શન, કર્મચારીઓને પડતી મુશ્કેલીઓમાંથી મળશે મુક્તિ. કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે ડિજિટલ રીતે પ્રમાણપત્રો જારી કરવાની સુવિધા પહેલેથી જ શરૂ કરી છે. કેન્દ્રિય રાજ્ય મંત્રી સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર પેન્શનરોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેમના માટે સરળ જીવન સુનિશ્ચિત કરે છે. કેન્દ્રીય રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે યુનિક ફેસ રેકગ્નિશન ટેક્નોલોજી લોન્ચ કરી છે. તે પેન્શનરો માટે જીવન પ્રમાણપત્રના પુરાવા તરીકે કામ કરશે અને નિવૃત્ત અને વૃદ્ધ નાગરિકો માટે સરળતા સુનિશ્ચિત કરશે. પેન્શન ચાલુ રાખવા માટે તમામ પેન્શનરોએ વાર્ષિક ધોરણે તેમનું જીવન પ્રમાણપત્ર સબમિટ કરવું જરૂરી છે.

કર્મચારી, જાહેર ફરિયાદ અને પેન્શન મંત્રાલયે ડિજિટલ રીતે પ્રમાણપત્રો જારી કરવાની સુવિધા પહેલેથી જ શરૂ કરી છે. સિંહે કહ્યું કે કેન્દ્ર સરકાર પેન્શનરોની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ છે અને તેમના માટે સરળ જીવન સુનિશ્ચિત કરે છે.


## પ્રાર્થના સભા

અમારા મહેતા પરિવારના મોભી પરમ પૂજ્ય

**મનુભાઈ કલ્યાણજીભાઈ મહેતા**

(પ્રમુખ, ગ્રામ સેવા મંડળ, સાવરકુંડલા)

તા. ૨૭/૧૧/૨૦૨૧ને શનિવારે સવારે દેવલોક પામ્યા છે.

: બેસણું :

તારીખ : ૨/૧૨/૨૦૨૧, ગુરૂવાર

સમય : સવારે ૮-૩૦ થી ૧૧-૦૦ દરમિયાન

: સ્થળ :

સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ હોલ,
વિશ્વકર્મા મંદિર સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર

ઓમ શાંતિ

રમાબા મનુભાઈ મહેતા

હેમા શૈલેષ મહેતા | શૈલેષ મનુભાઈ મહેતા
નીતા રાહુલ મહેતા | રાહુલ મનુભાઈ મહેતા

સંધ્યા તુષારકુમાર શુક્લ
રેખા જયેશકુમાર દવે

## પ્રાર્થના સભા



અમારા પરિવારના મોભી

**શ્રી અશોકભાઈ ચીમનલાલ ગણાત્રા**

(નિવૃત્ત શિક્ષક, ગુરૂકુલ અને જલારામ ભક્ત)નું

દુઃખદ નિધન તા. ૨૮/૧૧/૨૦૨૧ને રવિવાર થયેલ છે.

સદ્ગતને અંજલિ અર્પવા

તા. ૨/૧૨/૨૦૨૧ને ગુરૂવારે

સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમિયાન

પ્રાર્થના સભા રાખેલ છે.

: સ્થળ :

બ્રહ્મભવન, રંગમંચની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર

ગં.સ્વ. સોહાગબેન અશોકભાઈ ગણાત્રા

રુચી ગૌરાંગ થાનકી | જનક અશોકભાઈ ગણાત્રા
ડો. ગૌરાંગ થાનકી | કુ. કાવ્યા થાનકી